**કરાર આધારીત ભરતી માટેની જાહેરાત**
**જિલ્લા આરોગ્ય સોસાયટી, જિલ્લા પંચાયત, અમરેલી.**

જિલ્લા આરોગ્ય સોસાયટી, અમરેલી અંતર્ગત NHM નું અમલીકરણ જિલ્લામાં કરવામાં આવી રહેલ છે. આ અંતર્ગત વિવિધ કાર્યક્રમ હેઠળ વિવિધ સંવર્ગ ની ૧૧ માસના કરાર આધારીત જગ્યાઓ ભરવા પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદી બનાવવાની થાય છે. આ જગ્યાઓ માટેની જરૂરી વિગતો આરોગ્ય સાથી ની વેબસાઈટ **https://arogyasathi.gujarat.gov.in** પર પ્રદર્શિત કરેલ છે. ઈચ્છુક ઉમેદવારે PRAVESH ઓપશન પર જઈ તેમનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે અને ત્યાર બાદ CURRENT OPENINGS પર જઈ પોતાની ઉમેદવારી તા.૧૧/૯/૨૪ થી તા.૨૫/૯/૨૪ સુધીમાં નોંધાવાની રહેશે. જાહેરાતની તમામ વિગતો વાંચીને પછી અરજી કરવી.

મિશન ડાયરેકટર
ડીસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી– અમરેલી

## કરાર આધારીત ભરતી માટેની જાહેરાત
## જિલ્લા આરોગ્ય સોસાયટી, જિલ્લા પંચાયત, અમરેલી.

**નેશનલ હેલ્થ મિશન અંતર્ગત અમરેલી જિલ્લામાં નીચે જણાવેલ સંવર્ગની જગ્યાઓ તદન હંગામી ધોરણે ૧૧ માસના કરાર ધોરણે ભરવા અને તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૧/૯/૨૦૨૪ થી તા.૨૫/૯/૨૦૨૪ સુધીમાં આરોગ્યસાથી સોફટવેરની લીંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.**

**ઉપરોકત પોસ્ટ માટેની જરુરી લાયકાત, ઉંમર અંગેની સ્પષ્ટતા ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | જગ્યાનું નામ | જરુરી શૈક્ષણિક લાયકાત | ઉંમર | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|---|
| ૧ | આયુષ એમ.ઓ. – ૬ | ઉમેદવાર BAMS/BSAM/BHMS ની ડિગ્રી ધરાવતા હોવા જોઈએ તેમજ ગુજરાત આર્યુવેદિક/હો.પેથી કાઉન્સીલમાં રજિસ્ટ્રેશન કરાવેલ હોવું જોઈએ. | ૪૦ વર્ષ | ૩૧૦૦૦/– |
| ૨ | ફાર્માસીસ્ટ કમ ડેટા આસીસ્ટન્ટ – ૧૯ | ઉમેદવાર B.Pharm. / D.Pharm. ની ડિગ્રી ધરાવતા હોવા જોઈએ તેમજ ગુજરાત કાઉન્સીલમાં રજિસ્ટ્રેશન કરાવેલ હોવું જોઈએ. કોમ્પ્યુટર અંગેનો સી.સી.સી. અથવા સમકક્ષ કોર્ષ કરેલ હોવો જોઈએ. | ૪૦ વર્ષ | ૧૬૦૦૦/– |
| ૩ | એકાઉન્ટન્ટ કમ ડેટા આસીસ્ટન્ટ – ૭ | કોમર્સ સ્નાતક એમ.કોમ/બી.કોમ. કોમ્પ્યુટર એપ્લિકેશનમાં ડીપ્લોમાં/સર્ટીફીકેટ કોમ્પ્યુટર સોફટવેરનું (એકાઉન્ટન્ટ સોફટવેર, એમ.એસ.ઓફીસ, જી.આઈ.એસ. સોફટવેર વગેરે) હાર્ડવેરનું જ્ઞાન હોવું જોઈએ. ઓફીસ મેનેજમેન્ટ અને ફાઈલીંગમાં કુશળતા. અંગ્રેજી અને ગુજરાતીમાં સારી ટાઈપિંગ અને ડેટા એન્ટ્રી સ્કીલ તથા આ ભાષાઓનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. ઓછામાં ઓછો એક વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. | ૪૦ વર્ષ | ૨૦૦૦૦/– |
| ૪ | એફ.એચ.ડબલ્યુ. – ૨૩ | ઓકઝીલ્યરી નર્સીગ મીડવાઈફ નો અભ્યાસ કરેલ હોવો જોઈએ તેમજ ગુજરાત કાઉન્સીલમાં રજિસ્ટ્રેશન કરાવેલ હોવું જોઈએ. કોમ્પ્યુટર અંગેનો સી.સી.સી. અથવા સમકક્ષ કોર્ષ કરેલ હોવો જોઈએ. | ૪૦ વર્ષ | ૧૫૦૦૦/– |
| ૫ | સ્ટાફ નર્સ – ૧૧ | બીએસસી(નર્સીગ) અથવા ડીપ્લોમાં ઈન જનરલ નર્સીગ એન્ડ મીડવાઈફરી નો અભ્યાસ કરેલ હોવો જોઈએ તેમજ ગુજરાત કાઉન્સીલમાં રજિસ્ટ્રેશન કરાવેલ હોવું જોઈએ. કોમ્પ્યુટર અંગેનો સી.સી.સી. અથવા સમકક્ષ કોર્ષ કરેલ હોવો જોઈએ. | ૪૦ વર્ષ | ૨૦૦૦૦/– |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | પ્રોગ્રામ આસીસ્ટન્ટ – ૧ | શૈક્ષણિક લાયકાત : કોઈ પણ વિદ્યાશાખાનાં સ્નાતક સાથે ડીપ્લોમાં/સર્ટીફીકેટ ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન (એમ.એસ. ઓફિસ ટુલ્સ એમ.એસ. વર્ડ, એકસેલ, પાવરપોઈન્ટ) , ડેટા પ્રોસેસીંગ, ચાર્ટ, ગ્રાફ વગેરે બનાવવા અંગે નું જરુરી જ્ઞાન તથા હાર્ડવેરનું જ્ઞાન અને અંગ્રેજી–ગુજરાતી અને ઈન્ડીક ટાઈપીંગની સારી સ્પીડ.<br>અનુભવ : સંબંધિત ક્ષેત્રનો ઓછામાં ઓછો ત્રણ થી પાંચ વર્ષનો અનુભવ | ૪૦ વર્ષ | ૧૬૦૦૦/– |
| ૭ | લેબ. ટેક.– ૫ | B.Sc. MicroBiologi/ B.Sc. Chemistry / B.Sc. Bio Chemistry / M.Sc. with Organic Chemistry or MicroBiologi બાદ DMLT /CMLT (સરકાર માન્ય સંસ્થા માંથી પાસ) | ૪૦ વર્ષ | ૨૦૦૦૦/– |
| ૮ | કોમ્યુનીટી હેલ્થ ઓફીસર – પ્રતિક્ષાયાદી માટે | ૧. B.A.M.S. / GNM / B.Sc. ની સાથે SIHFW વડોદરા દવારા બોન્ડેડ સરકાર માન્ય સંસ્થામાં સર્ટીફીકેટ કોર્સ ઈન કોમ્યુનીટી હેલ્થ (બ્રીજ કોર્સ) કરેલ. (આ ઉમેદવારોને ભરતીમાં પ્રાથમિકતા આપવામાં આવશે.)<br>૨. CCCH નો કોર્ષ B.Sc. નર્સિંગ તથા પોસ્ટ બેઝીક B.Sc. નર્સિંગ ના કોર્ષ માં જુલાઈ–૨૦૨૦ થી સામેલ કરેલ હોય તેવી સંસ્થાઓ ખાતે થી જુલાઈ–૨૦૨૦ કે ત્યારબાદ પાસ થયા હોય તેવા B.Sc. નર્સિંગ ઉમેદવારો. | ૪૦ વર્ષ | ૩૦૦૦૦/–<br>(વધુ માં વધુ ૧૦૦૦૦/– સુધી પરફોર્મન્સ લીંક ઈન્સેન્ટીવ) |

**<u>ઓન લાઈન ફોર્મ ભરવા અંગેની અગત્યની સુચનાઓ :–</u>**

- ઉમેદવારની ફકત ઓનલાઈન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી. સ્પીડ પોસ્ટ, કુરીયર કે સાદી ટપાલ ધ્વારા મળેલ અરજીઓ માન્ય રહેશે નહી.
- સુવાચ્ય ઓરીજનલ ડોકયુમેન્ટની ફોટોકોપી સોફટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે. જરૂરી ડોકયુમેન્ટ અપલોડ કરેલ નહી હોય તેમની અરજી ના મંજુર કરવામાં આવશે.
- અધુરી વિગતોવાળી અરજીઓ અમાન્ય રહેશે.
- તમામ કેડરની પસંદગી માટે ડીગ્રી / ડીપ્લોમા / ગ્રેજયુએશનનાં ફાઈનલ વર્ષમાં મેળવેલ ટકાવારીના આધારે મેરીટ તૈયાર કરી તેમજ ફાઈનલ વર્ષમાં એક થી વધુ ટ્રાયલ હોય તો પ્રતિ ટ્રાયલ ૩ % બાદ કરીને મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. એકાઉન્ટન્ટ કમ ડેટા આસી.ની કેડર માટે કોમ્પ્યુટર સ્કીલ આવશયકતા હોઈ ToR માં દર્શાવ્યા અનુસાર કોમ્પ્યુટર લાયકાત ધરાવતા હોય તેમને મેરીટમાં કન્સીડર કરવામાં આવશે.
- ઉમેદવારે એક કરતા વધુ પોષ્ટ માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.

- જે જગ્યા કોમ્પ્યુટર કામગીરી સંલગ્ન હશે તે જગ્યાઓ માટે કોમ્પ્યુટરની પ્રેકટીકલ પરીક્ષા આપવાની રહેશે.
- જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે.
- ઉકત તમામ જગ્યાઓ માટેનો પત્ર વ્યવહાર હવેથી ફકત ઈ–મેઈલ દવારા જ કરવામાં આવશે જેથી ઈ–મેઈલ આઈ.ડી. ચકાસીને નાખવાનું રહેશે.
- ઉકત જગ્યાઓ માટેનો કરાર આધારીત સમયગાળો ૧૧ માસ માટેનો રહેશે. જે મુદતમાં જરૂરીયાત તેમજ બજેટનાં આધારે ઘટાડો કરી શકાશે તેમજ ૧૧ માસના સમય પુર્ણ થયે તેઓ આપોઆપ છુટા થયેલ ગણાશે.
- એન.એચ.એમ. / કમીટી દવારા નકકી કરેલ ગાઈડ લાઈન મુજબ મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે.
- આ જાહેરાત મુજબ આવેલ તમામ માન્ય અરજી મુજબના ઉમેદવારોની પૈકી નિમણુંક આપ્યાબાદના ઉમેદવારોની પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે જે યાદી એક વર્ષ માટે માન્ય ગણવામાં આવશે.
- નિમણુંકને લગત જેવા કે જગ્યામાં વધારો કે ઘટાડો કરવો કે ભરતી રદ કરવી તેનો તમામ આખરી નિર્ણય મિશન ડાયરેકટરશ્રી, ડીસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી – વ – મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, અમરેલી નો રહેશે.

મિશન ડાયરેકટર
ડીસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી– અમરેલ
– વ –
મુખ્ય જિલ્લાં આરોગ્ય અધિકારી
આ.શા. , જિ.પં. – અમરેલી